સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

સલામી સવારની..

પૃષ્ઠ ભૂમિ જાણ્યા વિના સલાહ દેતા રહ્યા!
કઠોડે ચઢાવવાની સલાહ દેતા રહ્યા!
કરતા રહ્યા સફર કૉંગીની જીર્ણ નાવે -
ને પાટિયાં કાઢવાની સલાહ લેતા રહ્યા!
(ડૂબતા 'સલાહકાર' હવે તરણાં શોધે છે!)

હાઈકુ

હવે દળસે -
ભ્રષ્ટાચારની ઘંટી,
ચોર નો ભાઈ!
(નાપાક ગાદીએ હવે
શાહબાઝ બેસસે!)

ગયા છે ચીન
શ્રી અર્જુન ડાભોલ
બૃહન્લા બની...
('વિરાટ' દેશમાં વીર
ચાણક્ય જાસૂસ)

ચિંતન

દેહ ધરે કા ગુણ યહ, દે દે તું દે,
કહે કબીર દે તું, જબ લગ તેરી દેહ

ઉપરોક્ત સાખી કહત કબીરામાંથી લેવામાં આવેલ છે.

કબીર કહે છે 'હે મનુષ્ય! પરમ કૃપાળુ પરમાત્માએ માનવ દેહ આપીને તારા પર મોટો ઉપકાર કરેલ છે, તો મનુષ્ય જીવનને સાર્થક કરવા માટે દરેક જરૂરિયાતમંદ કાંઈને કાંઈક આપતો રહે. એટલે કે 'ભૂખ્યાને અન્નદાન, કોઈ ગરીબને આર્થિક સહાય, નિરાશ અને દુઃખીજનને આશ્વાસનના બે બોલ કહી ઉપયોગી થઈ શકાય. અને જીવનપંથમાં માર્ગ ભૂલેલાને યોગ્ય સલાહ અને દોરવણી આપી સાચે રસ્તે ચડાવવા. અજ્ઞાની અને કઠોર મનુષ્યને પ્રેમથી સદ્‌બોધ આપી તેનો જીવનપલ્ટો કરાવવા પ્રયત્ન કરવો એ પણ સદ્‌કાર્ય છે. આવા સુકર્મો કરી જ્યાં સુધી જીંદગી છે ત્યાં સુધી હરહંમેશ માનવે જરૂરિયાતમંદોને કંઈક ને કંઈક આપતું રહેવું જોઈએ.'

આપણી પાસે જે જ્ઞાન, ધન, સમજશક્તિ, બુદ્ધિ, લાગણી-પ્રેમ-વાત્સલ્ય હોય તો જરૂરતમંદ ને નિશ્વાર્થ સેવાભાવે આપવાથી આપણને જ સુખ-સંતોષ મળે છે.

સુવિચાર

- પ્રસન્નતા એટલે તોફાનમાંથી મુક્તિ નહિં, પણ તોફાનની વચ્ચે શાંતિ - **અમૃતબિંદુ**
- સહૃદયતા વિનાની સમૃદ્ધિ રાવણત્વની જનેતા છે - **એસ. ભટ્ટાચાર્ય**
- ફૂલને જો કહી શકાય ખીલીશ નહીં, તો બાળકને કહી શકાય હસીસ નહીં - **ડો. ચંદ્રકાન્ત મહેતા**
- મહાનગરમાં રહેતાં પૈસાદારનાં આઠમે માળે જીવતાં બાળકોનું બાળપણ ગરીબ હોય છે - **ફુલછાબ**
- આપણા સામાજિક દોષો પાણીથી કે વાણીથી ધોવાય તેવા નથી તેને આપણે પરસેવાથી જ ધોવા પડશે - **સંત રોબિન**
- જો આપણે આપણાં કામની જવાબદારી લઈએ તો આપણાં કામ આપણી જવાબદારી લેશે - **દાદા ધર્માધિકારી**
- આજનું ઔષધ : હરડે સાથે ગોળ ખાવાથી પિત્ત નાશ પામે છે. **(સંકલન : દિપક વી. આશરા)**

બોધકથા

સ્વામી રામતીર્થ અંગ્રેજી તથા ઉર્દૂ એમ બંને ભાષાઓ ઉપરનું ગજબ પ્રભુત્વ ધરાવતા હતા. ક્યારેક ઉર્દૂમાં પ્રવચન આપે તો લોકોને એમ લાગે કે ઉર્દૂ જ એમની માતૃભાષા હશે, ને ક્યારેક અંગ્રેજીમાં પ્રવચન આપે તો સાંભળનારને એમ જ લાગે કે સ્વામીની માતૃભાષા અંગ્રેજી હોવી જોઈએ.

એકવાર અંગ્રેજીમાં પ્રવચન આપ્યા બાદ એમની પાસે એક મુફલીસ ફકીર જેવો માણસ આવ્યો અને ખૂબ વિવેક ભાવે કહ્યું, 'સ્વામી આપનું પ્રભુત્વ અંગ્રેજી અને ઉર્દૂ ભાષા પર સરસ છે. પણ મારી એક નમ્ર અરજ છે કે આપતો ગોસ્વામી તુલસીદાસનાં વંશજ છો તેથી સંસ્કૃત ભાષા આપે શીખવી જોઈએ. અને વળી આપ હિન્દુસ્તાનના હોઈ હિન્દીમાં પ્રવચન આપો તો ઘણું સારું. સંસ્કૃત એ ભારતીય સંસ્કૃતિની ભાષા છે, હિન્દી પણ ભારતની રાષ્ટ્રીય ભાષા છે. મોટાભાગના લોકો આ બંને ભાષા સરળથાથી સમજે છે.' મુફલીસ ફકીરની વાત સ્વામીને સ્પર્શી ગઈ અને દૃઢ નિર્ધાર કરીને હિન્દી તેમજ સંસ્કૃત ભાષાઓ શીખી લીધી.

હૅપી બર્થ ડે પ્રિય પાટનગર

તંત્રીસ્થાનેથી...

અર્ધશતાબ્દી વટાવી ચૂકેલું પાટનગર આજે એનો ત્રેપ્પનમો જન્મદિવસ ઊજવી રહ્યું છે ત્યારે એની ગઈ કાલ, આજ અને આવતીકાલ ઉપર એક વિહંગ નજર કરવાનું જરૂર ગમે. ક્યારેક પેથાપુર પાસેનાં પાંચ સાત ગામડાંમાં વહેંચાયેલી એની કાયાએ એકાએક કરવટ બદલી અને મહદંશે ખેડૂતોની વસતિ ધરાવતો આ જમીનનો ટુકડો રાષ્ટ્રપિતાના નામ સાથે જોડાઈ ગરવી ગુજરાતની રાજધાની બની ગયો. દ્વિભાષી મુંબઈ રાજયના વિભાજન વખતે જ ગુજરાતની નવી રાજધાનીની શોધ આરંભાઈ હતી. ત્યારે પહેલા મુખ્યમંત્રી ડૉ. જીવરાજ મહેતા જે વડોદરા રાજયના દીવાનપદે રહી ચૂક્યા હતા તે ગાયકવાડી સ્ટેટની સુવિકસિત સંસ્કારનગરીથી લઈ ગુજરાતના હૃદય સમું અને રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની કર્મભૂમિ રહી ચૂકેલું અમદાવાદ પણ નવી રાજધાની બનવા થનગની રહ્યું હતું - પરંતુ ગુજરાત કોંગ્રેસના સર્વોચ્ચ નેતા મોરારજી દેસાઈના મનમાં ગુજરાતનાં નવા પાટનગર વિશેના વિશિષ્ટ ખ્યાલો રમતા હતા. એથી શરુઆતનાં વર્ષો દરમિયાન ગુજરાત સરકાર અમદાવાદથી ચલાવ્યા પછી એને ગાંધીનગર જેવું રૂપકડું પાટનગર પ્રાપ્ત થયું. પ્રારંભિક વર્ષોમાં સાવ વગડા જેવો લાગતો આ વિસ્તાર કોઈ શિલ્પીના હાથે શિલામાંથી મૂર્તિ કંડારાય એમ કંડારાયો અને દેશમાં પ્રદૂષણ મુક્ત પાટનગરોમાં શિરમોર એવું પાટનગર ગુજરાતને સાંપડ્યું. આજે આપણે એના વિશ્વકર્મા એચ. કે. મેવાડાને પણ યાદ કરવા જોઈએ, જેમણે ચંડીગઢની પૅટર્ન પર એની આખી નગરરચના તૈયાર કરીને એને કાળક્રમે વિશ્વના નકશામાં હરિયાણા નગરની નામના અપાવવામાં પાયાની ઈંટ તરીકે કામગીરી બજાવી હતી. શરુનાં વર્ષોમાં ગાંધીનગર ધૂળિયું ગાંધીનગર હતું અને મોટા ભાગે એ નગર કરતાં સરકારી કર્મચારીઓની વસાહત જેવું જ લાગતું હતું પરંતુ જેમ જુવાની ફૂટતાં સુકલકડી કન્યાની કાયામાં કામણ મહોરી ઊઠે છે એમ આ રાજનગરી પણ સમયની સાથે અવનવાં રૂપ ધરતી રહી. જયાં કોઈ રાતવાસો કરવા તૈયાર નહોતું એવા આ શહેરમાં આખા ગુજરાતના ખૂણે ખૂણેથી આવીનો લોકો ઠલવાયા, એટલું જ નહીં - ગાંધીનગર રહેણાંકની દૃષ્ટિએ દેશમાં ઉત્તમ શહેરોની પંગતમાં મુકાઈ ગયું. ગાંધીનગરે રાજકારણના અવનવા ખેલ જોયા એની સમાંતરે અહીં વિદ્યા, સાહિત્ય અને કલાપ્રવૃત્તિએ પણ કાઠું કાઢ્યું. પરિણામે આજે ગાંધીનગરની ઓળખ માત્ર રાજકીય નગરની ન રહેતાં એક 'એજ્યુકેશનલ હબ' તરીકેની ઊભી થવા પામી છે. ગાંધીનગરે હિતેન્દ્ર દેસાઈ, બાબુભાઈ જશભાઈ અને માધવસિંહ સોલંકી જેવા વિશિષ્ટ પ્રતિભા ધરાવતા મુખ્યમંત્રીઓ જોયા છે તો વળી મુત્સદ્દીગીરીમાં મુંજાલ મહેતાને માત આપે એવા ચીમનભાઈ પટેલ અને લોકપ્રિયતાના તમામ વિક્રમો તોડી જાણે એવા નરેન્દ્ર મોદી જેવા મુખ્યમંત્રીઓ પણ જોયા છે. કેશુભાઈ પટેલ સાચા અર્થમાં સજ્જન મુખ્યમંત્રી હતા અને એમના જ વિઝનને ભાજપના એમના અનુગામી મુખ્યમંત્રીઓ આગળ ધપાવતા રહ્યા છે. અમરસિંહ ચૌધરી જેવા સૌમ્ય સાલસ મુખ્યમંત્રીએ ત્રણ ત્રણ દુકાળિયાં વર્ષો દરમિયાન જે સુચારું વહીવટ ચલાવ્યો એને પણ કેમ ભૂલી શકાય ? તો વળી શંકરસિંહ વાઘેલાએ ક્ષત્રિયવટ દાખવી માત્ર એકાદ વરસના ટૂંકા શાસનકાળમાં જિલ્લાઓ અને તાલુકાઓના વિભાજનથી માંડી પ્રજાના પારાના પ્રશ્નોનો ત્વરિત ઉકેલ કરવાની જે પારદર્શક રાજનીતિ અપનાવી હતી એનો પણ મહિમા ઓછો ન જ આંકીએ. જેની બહુ લાંબા સમયથી પ્રતીક્ષા હતી તે મહાનગરપાલિકા આખરે સ્વ. પ્રેમશંકર ભટ્ટની લાંબી લડતની ફળશ્રુતિ સ્વરુપે મળી છે એન જે રીતે હવે તો ગાંધીનગર 'સ્માર્ટ સિટી'ની વિકાસકૂચમાં સામેલ થયું છે તે જોતાં એનું ભવિષ્ય ખૂબ જ ઊજળું હશે - એવી આગાહી અસ્થાને નથી. પ્રિય પાટનગરીને એના શુભ જન્મદિવસે 'હૅપી બર્થ ડે' કહી અટકી ન જોઈએ : એની ઉજ્જવળ વિકાસકૂચમાં આપણે ગાંધીનગરવાસીઓ હરહંમેશ ઉત્સાહભેર સામેલ થઈએ એ જ અપેક્ષા...

નગર 'મા'એ સજ્યા શણગાર, તોય એ દુઃખી...

નવાં કલેવર
નટવર હેડાઉ

આવ... આવ...

આ બાજુ, દર વર્ષે મને મળવા આવે છે છતાંય ભૂલી ગયો.

પણ... પણ... તમે છો કોણ ?

હું તારી માં યશોદા

મારી માં પણ મારી માંનું નામ તો...

તારા એકલાની નહીં અહીં વસતા તારી આસપાસના સૌની હું માં...

'પણ કંઈ રીતે ? તેં તો મને જન્મ આપ્યો નથી.'

કૃષ્ણની માં હતી ને યશોદા, જો અરુણપ્રભાત થઈ ગયું છે. જયોત્સનાનો અજવાસ ચેનતા બની રેલાઈ રહ્યો છે. ઝરમર વરસી ગયેલા વરસાદથી સદ્યસ્નાતા વૃક્ષો અને વનરાજીમાં નવોન્મેષી ઉમંગ ઉછાળા મારી રહ્યો છે. આજે ૫૩ વર્ષે પણ હું નવયૌવનની જેમ રુમઝુમ કરતી મ્હાલું છું. તારા જેવા સંતાનોને કારણે નહીંતર મારા ગાત્રો ક્યારના શિથિલ થઈ ગયાં હોત. તું મને જેટલો સ્નેહ કરે છે એટલું જ હું તને વ્હાલ કરું છું.

'તું મને ચાહે છે.'

'હાં, અને હું તને મારા બાહુઓમાં લેવા માંગુ છું. મારા એકબાજુ બંધમાં વસંતવગડો તો બીજી બાજુ બંધમાં નર્મદા ઘાટે સુતેલા મારા છોટે સરદારના સંભારણા છે. મારું હૃદય ધબકે છે વિધાન અને વહીવટનાં ડાબાં અને જમણાં ક્ષેપકોમાં પણ મારી છાતીનો શ્વાસ છે અહીંના મારા બાળકોના સંસ્કાર, શિક્ષણ, સંસ્કૃતિ, કલા અને સાહિત્યમાં, તેનાથી જ મારો પ્રાણ ધબકતો રહ્યો છે.'

'અરે વાહ! તું વાતો તો બહુ સારી કરે છે પણ તું છે કોણ?'

'મને ન ઓળખી... પણ તું મને ક્યાંથી ઓળખે હું પયપાન કરાવતી એ સાબરમતીની ધારા તો કાયરની વિલુપ્ત થઈ ગઈ. પણ તને ધાવણનો ઓડકાર તો જરૂર આવવો જોઈએ. બાળક મોટું થાય પછી માં કંઈ તેને છાતીએ વળગાડીને ફરે નહીં સમજ્યો ને.'

પણ હું તને ઓળખું કઈ રીતે?

'અરે, તું મને ક્યારેક તો હરિયાળીની ઉપમાથી ઓળખે છે અને ક્યારેક જી.આર. સી.આર.ની વાતે વગોવે છે. છતાં મેં તો ત્રીસ ભાગોમાં વહેંચાઈને તને ક્કકો અને આંક શિખળાડ્યા છે. ક્યારેક આંધીનગર કહે છે તોય હું છોરું કછોરું સમજી તને માફ કરતી રહી છું. મારી હરિયાળી ઓઢણી જર્જરીત થવા છતાં હજુ ઓઢીને ફરું છું ને ગાંધીને નામે ઓળખાતી નગરી હોવાથી મહાત્માને નામે બનેલી ઈમારતને કેડે બેસાડી દુનિયા આખી ને દંગ કર્યું છે.'

'તું હવે સ્માર્ટ બની રહી છે હોં.'

'હાં, વાયબ્રન્ટથી સ્માર્ટ બનવા મેં શણગાર તો ઘણા સજ્યા છે છતાં મારી આસપાસ નજર દોડાવું છું તો દુઃખી થઈ જાઉં છું.'

મને જેણે રૂષ્ટપુષ્ટ કરી છે તેવા મારા બાર ગામોનાં સ્વજનો આંખોમાં આશા અને અપેક્ષા લઈને ઊભાં છે. તે જોઈ દિવા તળે અંધારાનો આભાસ થાય છે.

'વાહ! તું તો બધાંનો વિચાર કરે છે ને'

'કરું જ ને છેવટે માં છું.' નગરમાતા.

બાર મહિને એકવાર મારા હોઠ તને વ્હાલથી ચૂમવા અધીર બન્યા છે. આવીશ ને.'

'હા, માં હાં જરૂર આવીશ.'

'તો આવ પેથાપુરના પાદરે તારી રાહ જોઉં છું.'

શ્રેષ્ઠ સમાજનિર્માણ માટે શિક્ષક, માતા, સંતનું કર્તવ્ય

ગુલમહોર
દિનેશ દેસાઈ

ઋગ્વેદમાં કહ્યું છે કે "વિદ્યાયામ્ અધ્યાત્મવિદ્યા:" વિદ્યાઓમાં શ્રેષ્ઠ તો અધ્યાત્મવિદ્યા છે. જેની આગળ સર્વ વિદ્યા નકામી છે. શ્રેષ્ઠ શિક્ષકના મહત્વ વિશે ચાણક્યનું એક સુવાક્ય જાણીતું હોવાથી એનું અહીં પુનરાવર્તન નહીં કરીએ. એક સારા, સંસ્કારી અને ચારિત્રવાન શિક્ષક સમગ્ર સમાજને અને દેશને જાગૃત અને અગ્રેસર બનાવી શકે. સો સારા શિક્ષક બરાબર એક મા. ધર્મ અને અધ્યાત્મ એમ કહે છે કે સો સંસ્કારી મા બરાબર એક સાચા સંત. આ સંદર્ભમાં આપણે (૧) સારા શિક્ષક, (૨) સંસ્કારી મા અને (૩) સાચા સંત કોને કહી શકાય એનો વિચાર કરીએ.

આજના સમયમાં સારા શિક્ષક કોને કહેવા? સારા શિક્ષક શોધવા ક્યાં જવું? સારા શિક્ષક એટલે (૧) જે તે વિષયને અનુરુપ જાણકારી જ હોવી પુરતી નથી પરંતુ જે તે વિષયનું તલસ્પર્શી જ્ઞાન હોવું, (૨) દરેક વિદ્યાર્થીને એક સમાન રીતે સારું ભણાવી શકે એટલે કે વિદ્યાર્થી સમજી શકે એ રીતે ભણાવી શકે, (૩) પોતાનું જીવન સ્વયં શુદ્ધ યાને ચારિત્રવાન હોય.

જો સામાન્ય પ્રકારની કે.જી. સ્કૂલમાં એડમિશન માટે કથિત રીતે જો ડૉનેશન લેવામાં આવતું હોય તો પછી આવા ચારિત્રવાન અને સારા શિક્ષકો હોય એવી સ્કૂલમાં એડમિશન માટે તો પડાપડી જ થાય ને. એવી શ્રેષ્ઠ સ્કૂલ હોય કે જેમાં શ્રેષ્ઠ શિક્ષકો હોય તો ત્યાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને દુનિયાનું સારામાં સારું શિક્ષણ મળી શકે. આવા ૧૦૦ સંસ્કારી અને સારા શિક્ષક બરાબર એક સંસ્કારી મા ગણાય. આવી ૧૦૦ સંસ્કારી માતા બરાબર એક સાચા સંત ગણાય. સાચા સંત બ્રહ્મસ્વરુપ યોગીજી મહારાજે કહ્યું છે કે "તમે આ જે સત્સંગ અને સભામાં આવો છો તે અક્ષરમંદિરનો સભાખંડ એ તો બ્રહ્મવિદ્યાની કૉલેજ છે." એટલે કે સાચા સંતનો સત્સંગ એટલે કે.જી.માં નહીં સીધું કૉલેજ લેવલનું એડમિશન. સત્પુરુષ અને સત્સંગની મહત્તા આ વાતથી સમજી શકાય છે.

ભગવાન સ્વામિનારાયણના સમયમાં નિત્યાનંદ સ્વામી નામે સાધુ થયા તેમની પાસે પૂર્વાશ્રમમાં એ જમાનામાં રૂપિયા ૮૦,૦૦૦ રોકડા હતા. બીજી મિલકતો પણ હતી અને પત્ની તથા બાળકો પણ હતા. આમ

> **સો સારા શિક્ષક બરાબર એક મા. હવે ધર્મ અને અધ્યાત્મ એમ કહે છે કે સો સંસ્કારી મા બરાબર એક સાચા સંત. આ સંદર્ભમાં આપણે (૧) સારા શિક્ષક, (૨) સંસ્કારી મા અને (૩) સાચા સંત કોને કહી શકાય એનો વિચાર કરીએ.**

છતા સહજાનંદ સ્વામી જેવા સત્પુરુષનો રાજીપો પામવા અને જીવતર સુધારવા તેઓએ સંસારત્યાગ કર્યો ને સાધુજીવન પસંદ કર્યું.

કળિયુગમાં ભક્તિમાર્ગ વિશે ઋગ્વેદમાં કહ્યું છે કે "શ્રવણમ્ કિર્તનમ્ કલૌયુગે..." કળિયુગમાં પ્રભુસ્મરણ યાને કિર્તન-સંગીત ભક્તિનું શ્રેષ્ઠ માધ્યમ છે. દિન-રાત પ્રભુનામમાં લીન રહો. યોગીજી મહારાજ હંમેશા ગુણગ્રાહક દૃષ્ટિ રાખવા અને હંમેશા હકારાત્મક રહેવા આગ્રહ કરતા. તેઓ કહેતા કે "હું આ સત્સંગમાં આવ્યો ત્યારથી અત્યાર સુધી નાનામાં નાનો સાધુ, પાર્ષદ કે હરિભક્ત હોય તેનામાં ક્યારેય કિંચિત, લેશ માત્ર પણ અવગુણ જોયો નથી. હંમેશા એ સૌમાં અક્ષરમૂર્તિ જ નિહાળું છું."

તમારા શિક્ષણની શરુઆત ઘરથી થાય છે. એ પછી શિક્ષક અને એ પછી સંતનો સંપર્ક થાય છે. જો માતા, શિક્ષક અને સંત ચારિત્રવાન હોય તો તમને જીવનનો સાચો માર્ગ બતાવે છે. પરંતુ જો ચારિત્ર નહીં હોય તો તમારો માર્ગ પણ ચલિત થશે. વેદમાં કહેવાયું છે કે "ચરિતમ્ ખલુ ધમ્મો:" યાને ચરિત્ર એ જ ખરો ધર્મ છે. દુનિયામાં વિવિધ ધર્મ અને સંપ્રદાય છે પરંતુ સૌથી ઊંચો ધર્મ યા સંપ્રદાય એટલે જ માનવીનું ચારિત્ર્ય. એ વિના બધું નકામું. ચરિત્રનિર્માણ દ્વારા જ માનવી સાચો ધર્મ પાળી શકે. માનવી ચરિત્રના શિખરે પહોંચે એ જ સાચો ધર્મ. ચારિત્રશુદ્ધિ વિના કોઈ ધર્મની કલ્પના કરી શકાય નહીં.

નૈતિક ચારિત્ર્યના સામૂહીક અધ:પતનને સમજાવતો પ્રસંગ ખુબ જાણીતો છે. કોઈ રાજાએ પોતાની પ્રજાને કપડાથી ઢાંકેલા એક કુંડમાં રાતના સુમારે સ્વૈચ્છીક રીતે એક એક લોટો દૂધ નાખી આવવાનું ફરમાન કર્યું હતું. સવારે રાજાએ તપાસ કરાવી તો કુંડ દૂધના બદલે પાણીથી છલકાતો હતો. હકીકત એ બની કે દરેક નાગરિકે એમ વિચારીને જ પાણી ભરેલો લોટો કુંડમાં ઠાલવ્યો હતો કે હું એકલો પાણી નાખીશ તો શું ફરક પડવાનો છે? આ માનસિકતાનો ત્યાગ કરવો જોઈએ અને દરેક શુભ કર્મની શરુઆત પોતાનાથી જ કરવી જોઈએ. વ્યક્તિગત ચારિત્ર થકી જ સામૂહીક ચારિત્ર ઉપસતું હોય છે.

બ્રહ્મસ્વરુપ પ્રમુખ સ્વામી મહારાજનું એક જાણીતું વિધાન છે કે "ચારિત્ર દૃઢ કરો અને ચારિત્રવાન સમાજ તૈયાર કરો." આ વિધાન આપનાર સંતપુરુષનું સમગ્ર જીવન અને કાર્ય પ્રેરક અને ઉદાહરણીય રહ્યું. આથી જ તેઓ આમ કહી શકે. જો એક ડૉક્ટર પોતાની પાસે આવતા દર્દીની સેવા-સારવાર સંપૂર્ણ સહૃદયતાથી કરે તો એ ચરિત્રવાન તબીબ જ ગણાય. તબીબ માટે આ સેવાકાર્ય તેની સાધના છે. દરેક વ્યક્તિ પોતાની નોકરી કે ધંધો ઈમાનદારી અને સેવાની ભાવનાથી કરે તો એ તેના માટે સાધના જ છે. એ વ્યક્તિ ચારિત્રવાન જ ગણાય.

જસ્ટ ટ્વીટ:-

"ચારિત્રવાન વ્યક્તિ અને સમાજ દ્વારા જ ચારિત્રવાન દેશનું નિર્માણ કરી શકાય છે."

– પંડિત લાલબહાદુર શાસ્ત્રી

પંખી બનું, ઉડતી ફીરું...! સ્ત્રીને ખુલવું છે, વહેવું છે, કહેવું છે, મહેંકવું છે, તો એમાં ખોટું શું છે?

Hello ફ્રેન્ડસ
સંજય થોરાત

'મમ્મી, હું મારી ફ્રેન્ચ સાથે પાર્ટીમાં જઉં છું...' જવાબની રાહ જોયા વગર એ તો એક્ટિવાને કિક મારી નીકળી પડી. અને પાર્મી દેસાઈ દીકરીને જતી જોઈ રહી. ઘર શાંત થયું. એ હિંચકામાં બેઠી. ત્યાં દીકરીની નોટ-પેટ હતી, એને અચાનક કંઈક મનમાં સુજ્યું, એણે પીન પેજ પર લખવાનું ચાલું કર્યું -

'સ્ત્રી છું હું.... એવી સ્ત્રી જે કેટલાક પાત્રો ભજવતી ગઈ...' બે લાઈન લખાઈ અને એ વિચારોના હિંચકે ઝુલવા લાગી. કૉલેજનાં ફાઈનલ ઈયરમાં હતી અને પરણાવી દીધી. સંયુક્ત વિશાળ પરિવારમાં આવી જવાબદારીમાં ગોઠવાઈ, બધા મોજશોખ કૉલેજની ડાયરીમાં પૅક થઈ ગયા. ઘરમાં ચાર સાસુ, દીયર, નણંદ અને પતિ, બધાની સેવામાં ક્યારે મોટી અને જવાબદાર બની ખબર ન જ પડી... એ વિચારમાં હતી અને એનો મોબાઈલ રણક્યો...

'હાય પાર્મી! કેમ છે?' દસ મિનિટ બહેનપણીએ ગપાટા માર્યા અને છેલ્લે કહ્યું, 'મારા મોબાઈલમાં એક મસ્ત મેસેજ આવ્યો છે. કોણે લખ્યો ખબર નથી પણ આપણી વાત સાથે એકદમ મેચ થાય છે. વાંચજે, તને ગમશે...' અને ફોન મુકાઈ ગયો. પાર્મીએ નોટ સાઈડમાં મુકી, નેટ ઑન કરી બહેનપણીનો મેસેજ રિસિવ કરી વાંચવો શરુ કર્યો...

'કોઈ પણ ચોકરી ૨૦-૨૨-૨૪ વર્ષે લગ્ન કરી સંસારમાં જોડાય છે પછી પતિ સાથેનો પ્રેમ, પરિવારના એડજેસ્ટ-મેન્ટમાં શરુઆતમાં પાંચ વર્ષ ઉડી જાય છે. ત્યાં એક-બે બાળકો આવી જાય છે. એમની સાર સંભાળ, ભણતરમાં બાકીના વર્ષો ક્યાં વહી જાય એ ખબર જ નથી પડતી...'

જોતજોતામાં સ્ત્રી ૪૦ની ઉંમરે પહોંચી જાય છે... અને આ સમયગાળો સ્ત્રી માટે ચેઈન્જ ઑવર જેવો હોય છે. આ એક એવો મુકામ છે, જયાં સ્ત્રી બેકલી હોવા છતાંય એકલી પડી જાય છે. આ ઉંમરે પુરુષ એના વ્યવસાય કે નોકરીમાં એવી જગ્યાએ પહોંચ્યો હોય છે કે ત્યાં એ એકદમ સેટ અને વધુ જવાબદારીથી વર્તતો હોય છે. એ એની સફળતા કે પ્રમોશનનો નશો ધીમે ધીમે માણતો હોય છે!

પણ સ્ત્રી એક અવઢવમાં હોય છે, કે હું શું કરું? પતિની વ્યવસ્તાને

> **જો આંસુ ખૂટી જાય તો ચિંતાનો વિષય છે,**
> **આ વાત ન સમજાય તો ચિંતાનો વિષય છે.**
> **'જા, તારું ભલું થાય' કહી કેમ હસ્યા એ?**
> **સાચે જ ભલું થાય તો ચિંતાનો વિષય છે!**
> **- હર્ષ બ્રહ્મભટ્ટ**

કારણે એ અચાનક ફ્રી પડી જાય છે. એની પાસે 'સમય' ભરપૂર મળે છે અને આ શૂન્યાવકાશ ભર્યા સમયના ટૂકડાને ભરવાં એ હવાતીયા મારતી રહે છે. બાળકો યુવાન થયાં છે અને ઉચ્ચ શિક્ષણ માટે બહારગામની કૉલેજમાં જતાં રહ્યાં છે. શહેરમાં છે તો માત્ર ઘરને એક માળાની જેમ ખાવા-પીવાં-સુવાના ખપ પુરતાં આવે છે, અને ઉડી જાય છે...

અને ઘરમાં રહી જાય સ્ત્રી... એક એવાં લીલાંછમ્મ વૃક્ષનો માળો કે જયાં બધું જ છે, પણ પક્ષીઓનો કલરવ એક ભૂતકાળ બન્યો છે. હા, બધાં એમની જરૂરિયાત પુરી કરવાં આવે છે, એ ઘરની સ્ત્રીને એમનું ટાઈમટેબલ સાચવતી એક વ્યક્તિથી વિશેષ કંઈ નથી. ના, એવું નથી કે તેઓ વહાલ કરતાં નથી કે વાત કરતાં નથી, પણ આ બધું છેલ્લે તો એમની - ડિમાન્ડની આસપાસ આવીને જ અટકે છે... અને ઘરની સ્ત્રી કશું બોલ્યા વગર અકળાતી રહે છે!

એની સુંદરતા ઓસરી રહી છે, એની સાબિતી અરીસો આપે છે. એક સમય હતો જયારે એના વસ્ત્રો તંગ થતાં ત્યારે તે શરમાતી... મલકાતી, ગાલમાં ખંડન પડતાં અને ચહેરો ગુલામી... વસ્ત્રો આજે પણ તંગ થાય છે, પણ એમાં થોડાં ચરબીના થર વધ્યાં છે. બ્લાઉઝની સિલાઈ ખોલવી પડે છે, ૭૦ની જગ્યાએ ૮૦ સે.મી. કાપડ લેવું પડે છે, ત્યારે ખબર પડે કે હાથ હવે નાજુક નથી રહ્યા. શાકભાજી કાપીને આંગળી - અંગૂઠામાં વેઢા પડ્યાં છે અને સુંવાળી આંગળી ખરબચડી...

એ અરીસા સામું જોઈ ઓઝપાઈ કે ઝંખવાઈ જાય છે. 'તું સુંદર દેખાય છે.' એ શબ્દો પતિના મોઢે સાંભળવા એ તરસે છે. મોનોપોઝને કારણે તે સતત શારીરિક અને માનસિક તકલીફોમાંથી પસાર થઈ રહી છે. એનો મૂડ ગમે ત્યારે છટકે છે. સ્ત્રીની આ ગુંગળામણ અકળામણનું કોઈ ચોક્કસ સરનામું નથી. પણ તેની પીડા, હતાશા, વસવાટ, વસવસો, બધું ભેગું થઈને ઉછાળા મારે છે અને પછી એ અલગ-અલગ માધ્યમોમાં પ્રગટ થાય છે.

કોઈ વાર્તા લખે છે, કોઈ કવિતા, કોઈ સંગીત શીખે છે, કોઈ નૃત્યકાર, પત્રકાર, કોઈ બ્યુટિશીયન તો કોઈ ડાયટેશિયન, કોઈ કુકંગી શિખવે છે, તો કોઈ યોગા... કોઈ ગરબા કલાસ તો કોઈ મહેંદી... અલગ સ્ત્રી અલગ શોખ, પણ એમાં દબાઈ ગયેલી ઈચ્છાવાળી સ્ત્રી જાગૃત થાય છે. આવી નવી દિશા-પ્રવૃત્તિ પછી સ્ત્રીને એક આત્મવિશ્વાસ, ખુમારી, જુસ્સો આપે છે. હું પણ કંઈ કરી શકું છું એવો કોન્ફિડન્સ આપે છે...

જયારે મોટી ઉંમરે પાંખો કંઈક નવું કરે છે, ત્યારે પુરુષને એમ લાગે છે કે, 'આનો પાંખો આવી છે. ત્યારે પુરુષને એમ લાગે છે કે, 'આને પાંખો આવી છે.' અરે ભાઈ સાહેબ, પાંખો તો એને જનમથી જ છે. પણ એ સ્વેચ્છાએ એની લીલા સંકેલીને બેઠી હતી. એણે પોતાની જાત કરતાં સંસારને મહત્ત્વ આપ્યું. એ શું એની ભૂલ હતી? એણે સંસારને પાંજરું નહીં પણ માળો માન્યો છે. એની હૂંફથી એણે પરિવારને સેવ્યો છે. ક્યારેક એકલાં ઉડવાનો પ્રયત્ન કર્યો નથી... પણ હવે બધાં જ પોતપોતાના આકાશમાં ઉડવા લાગ્યાં છે ત્યારે એણે પણ 'પંખી બનુ, ઉડતી ફીરું મસ્ત ગગન મેં...' કરીને ઉડવું છે, પાંખો જરાક ફડફડાવવી છે તો ભલા શું ખોટું છે?'

એને તો બસ થોડીક મોકળાશ જોઈએ છે, જે સમયનો ટૂકડો એ મનગમતી પ્રવૃત્તિથી ભરવાં માટે ટૂકડો આકાશ માંગે છે... તો શું એ કંઈ વધારે માંગે છે...'

પાર્મી દેસાઈ તો આ આખો મેસેજ વાંચી એમને અનુભવવી હતી

અનુસંધાન પાના નં. ૭ પર